# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM RIVARFRANT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર મિશનના 20 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત કાર્યક્રમમાં સહભાગી રહ્યા હતા. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે આ પ્રસંગે 'મોહશત્રુનો પરાજય' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ સૌને આ પુસ્તકમાંથી પ્રેરણા લઈ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા જણાવ્યું હતું.

--------------

## PDS AWARD

જાહેર વિતરણ વ્યવસ્થામાં સપ્લાઇ ચેઇન ઓપ્ટિમાઇઝેશનના સફળતાપૂર્વક અમલીકરણ માટે કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યને પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કર્યો છે.

રાજ્યમાં આવેલE ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના તમામ ગોડાઉન  તેમજ તમામ વાજબી ભાવની દુકાનોને ઓનલાઇન જાહેર વિતરણ વ્યવસ્થા પ્લેટફોર્મમાં સફળતાપૂર્વક જીઓ-ફેન્સ કરવામાં આવ્યા છે. ડિસેમ્બર 2023 થી જુલાઇ 2024 દરમિયાન જાહેર વિતરણ વ્યવસ્થા વિભાગે પરિવહન ખર્ચમાં સાડા ચાર કરોડ અને માસિક 56 લાખની બચત કરી હતી.  જેના પરિણામે કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા રાજ્ય સરકારના અન્ન

અને નાગરિક પુરવઠા વિભાગને નવી દિલ્હી ખાતે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો હતો.

--------------

## RAVI KRUSHI MAHOTSAV

અમરેલી જિલ્લામાં તાલુકાવાર આયોજિત રવી કૃષિ મહોત્સવના બીજા દિવસે આજે કૃષિ તજજ્ઞો દ્વારા કૃષિકારોને ખેતી ક્ષેત્રના વિવિધ આયામોને આવરી લઈ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે જિલ્લામાં રવી કૃષિ મહોત્સવમાં કૃષિ તજજ્ઞોએ પ્રાકૃતિક ખેતી ઉપરાંત મિલેટ્સ અને બાગાયતી પાકોમાં મૂલ્ય વર્ધન, કૃષિ તથા બાગાયતી પાકોમાં તાંત્રિકતા, બાગાયતી પાકો સાથે મિશ્ર ફાર્મિંગ સહિતના કૃષિ લક્ષી વિષયોને આવરી લઈ ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે કૃષિ તજજ્ઞોએ વિસ્તૃત વિગતો આપી હતી.

--------------

## POLIO RAVIVAR

કચ્છ, દ્વારકા, સુરેન્દ્રનગર અને મહીસાગર જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત 0-5 વર્ષના બાળકોને પોલિયોના ટીપા પીવડાવવા આવ્યા છે.

કચ્છ જિલ્લામાં ધારાસભ્ય કેશુભાઈ પટેલે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવીને બૂથને ખુલ્લું મૂક્યું હતું.

દ્વારકા જિલ્લામાં પણ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત 5 વર્ષે સુધીના બાળકો ને પોલિયો ડોઝ પીવડાવાયા.

સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી થી 10 ડીસેમ્બર એમ ત્રિ-દિવસીય “પોલિયો રસીકરણ અભિયાન” કાર્યક્રમ શરૂ થયો છે. આ કાર્યક્રમમાં 859 બુથ પર અંદાજે 2 લાખ 21 હજારથી વધુ બાળકને પોલિયો રસીના ટીપા પીવડાવવામાં આવશે.

મહીસાગર જિલ્લામાં પણ પલ્સ પોલીયો રસીકરણ અભિયાનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર નેહા કુમારીના હસ્તે લુણાવાડા તાલુકાના કોઠા ગામે 0 થી 5 વર્ષના બાળકોને પલ્સ પોલીયો રસીના ટીપા પીવડાવવામાં આવ્યા હતા.

--------------

# DANG - AVAS YOJNA

પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત ડાંગ જિલ્લાના આહવા, વઘઇ અને સુબીર તાલુકામાં છેલ્લા છ વર્ષમાં 6 હજાર 89 જેટલાં આવાસોનું બાંધકામ કરવામાં આવ્યું છે.

અમારા ડાંગના પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે  ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લોકોને પાકા આવાસો મળતાં ગ્રામીણ લોકોનું ઘરનું સપનું પૂર્ણ થયું છે.  આ અંગે વધુ માહિતી આપે છે.. આવાસ યોજનાના જિલ્લા કોર્ડીનેટર પ્રતીક બાગુલ...

(બાઈટ... પ્રતીક બાગુલ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના જિલ્લા કોર્ડીનેટર)

--------------

## TAPI – TOLL PLAZA

તાપી જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 53 ઉપર આવેલ માંડલ ટોલપ્લાઝામાં  સોલાર પેનલ લગાવવામાં આવી છે. જેનાથી વર્ષે સવા બે લાખ વીજળી ઉત્પન્ન થશે, તેમજ 185 ટન કાર્બન ડાયોક્સાઇડનું વાતાવરણમાં ઓછું ઉત્સર્જન થશે. આ અંગે વધુ માહિતી આપે છે, સુરત હજીરા ટોલ પ્લાઝાના ગૃપ હેડ અશ્વિની શર્મા....

(બાઈટ- અશ્વિની શર્મા (ગ્રુપ હેડ, સુરત હજીરા ટોલ વે પ્રા. લી.)

--------------